જૈન સાહિત્યએ સવાંેગ પૂર્ણ સાહિત્ય છે, જેમાં દરેક વિષયોને સારી રીતે ઓળખાવવામાં આવ્યા છે.

પ્રભુ મહાવીરસ્વામિથી આગમસૃષ્ટિનો નવો પ્રાદુર્ભાવ થયો છે. તેમાં પૂર્વેના દરેક તીર્થંકરોના આગમોનો સમાવેશ થયો છે. અને એ આગમ પ્રવાહમાંથી કાલિકશ્રુત-ઉત્કાલિકશ્રુત વગેરે આગમ નહેરો નીકળી છે.

કાલિક આગમોમાં જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિ, સૂર્ય પ્રજ્ઞપ્તિ, ચંદ્ર પ્રજ્ઞપ્તિ, અને દ્વિપ સાગર પ્રજ્ઞપ્તિએ સત્ય વસ્તુ પ્રરુપક - પ્રજ્ઞપ્તિઓ છે. આમ આ પ્રજ્ઞપ્તિઓમાં ભૂગોળ આપી છે. અને બે આગમોમાં ખગોળનું આલેખન છે.

અત્યારે તો એ સ્પષ્ટ થયું છે. કે હિંદમાં પ્રાચીનમાં પ્રાચીન જયોતિષ વિષયક જો કોઈ સ્વતંત્ર ગ્રંથ હોય તો તે સૂર્ય-ચંદ્ર પ્રજ્ઞપ્તિઓ છે. જેમાં તિથિ, નક્ષત્ર, કરણ, સૂર્યચાર, યોગ, ગુરુ, શની, ગ્રહણ અને૮૮ ગ્રહોનો વગેરેનો અધિકાર છે.

વળી વિક્રમની બીજી સહસ્ત્રાબ્દીની પૂર્વાર્ધમાં જૈનાચાયોેએ દરેક સાહિત્ય સાથે ગણિત, હોય, અને મુહૂર્ત જયોતિષને પણ સારું પોષણ આપ્યું છે. અને તેમાં મંગળ, બુધ, શુક્ર, રાહુ, કેતુ તથા વારોને પણસ્થાન આપ્યું છે.

આર્યાવર્તમાં રાહુ, કેતુ અને વારના ઉલ્લેખો વધારે નજીકના કાળના છે. કેમ કે એશિયાના તોરણમાંસં ૧૦૩૫ આ.શુ. રવિવાર સ્વાતિનો (લેખાંક-૭૯૮) ઉલ્લેખ મળે છે. તથા ધટીઆળાના જીન મંદિરમાં એકબાહ્મણે સં. ૯૧૮ ચૈત્ર શુ. ૨ હસ્તનક્ષત્ર બુધવારે હાટ સમપર્ણ કર્યાની પ્રાકૃત યાદી છે. (લેખાંક-૯૪૫) આ પહેલાના ગ્રંથોમાં કે લેખોમાં રાહુ - કેતુ નો કે વારનો ઉલ્લેખો નથી. તેથી સમજી શકાય કે પછીનો ગ્રંથોએ તેનો સ્વીકાર કયોેં છે.

આકાશની તરફ નજર નાખતા માનવીના મગજમાં જીજ્ઞાસા થાય છે. કે આ ગ્રહ, નક્ષત્ર શું વસ્તુંછે ? તારા તૂટીને કેમ પડે છે ? સૂર્ય રોજ પૂર્વ દિશામાં કેમ ઉદય પામે છે ?

પશ્ચિમ દિશામાં કેમ અસ્તથાય છે ? ઋતુઓ ક્રમ અનુસાર કેમ આવે છે ? વગેરે આ બધી બાબતો નું જયોતિષ શાસ્ત્રમાં જેમ  જેમ ઉંડા ઉતરીયે તેમ તેમ વધુ સમજ પડતી જાય છે. જેનું સામાન્ય જ્ઞાન આ પ્રમાણે છે.

**પંચાગ ઃ- એટલે પાંચ અંગોઓ સમૂહ..**

(૧) તિથિ  કુલ  ૧૫ + ૧ = ૧૬ છે.

(૨) વાર  કુલ  સાત  છે.

(૩) નક્ષત્ર  કુલ  ૨૭  છે.

(૪) યોગ  કુલ  ૨૭  છે.

(૫) કરણ  કુલ  ૩૦  છે. તથા ચરણ કુલ ૧૧ છે. રાશિ બાર છે.

(૬) રાશિ બાર છે. ગ્રહ નવ છે. તત્ત્વ ચાર છે.

| **રાશિ** | **નિશાની** | **રંગ** | **ગ્રહોના નંગ** | **સ્વભાવ** | **તત્વ** |
|---|---|---|---|---|---|
| મેષ | ? | લાલ | પરવાળું | ચર | અગ્નિ ૧ |
| (અ,લ,ઈ) | | | | | |
| વૃષભ | | | | | |
| (બ,વ,ઉ) | | ફિકકો બ્લ્યુ | હિરો | સ્થિર | પૃથ્વી ૨ |
| મિથુન | ? | | | | |
| (ક,છ,ધ) | | પીળો | પાનંુ | દ્વિસ્વભાવ | વાયુ ૩ |
| કર્ક | ? | | | | |
| (ડ,હ) | | લીલો | મોતી | ચર | જલ ૪ |

સિંહ ?

(મ,ટ) નારંગી માણેક સ્થિર અગ્નિ
૫

કન્યા ?

(પ,ઠ,ણ) ફિક્કો કાળો પાનું દ્વિસ્વભાવ પૃથ્વી ૬

તુલા ?

(ર,ત) કીરમજી હીરો ચર વાયુ ૭

વૃશ્ચિક ?

(ન,ય) તેજદાર લાલ પરવાળુ સ્થિર જલ ૮

ધન ?

(ભ,ધ,ફ,ઢ) પીળો પોખરાજ દ્વિસ્વભાવ અગ્નિ ૯

મકર ??

(ખ,જ) કાળાશ પડતો નીલમ ચર પૃથ્વી
૧૦

કુંભ ??

(ગ,શ,સ) આસ્માની નીલમ સ્થિર વાયુ
૧૧

મીન ?

(દ,ચ,ઝ,થ) તેજદારસફેદ પોખરાજ દ્વિસ્વભાવ જલ ૧૨

(૧) તિથિ ઃ- તિથિ એટલે સૂર્ય અને ચંદ્ર વચ્ચેનું અંતર દર્શાવતી સંજ્ઞા..

* જે તિથિ સૂર્યોદય ન જુએ તે તિથિનો ક્ષય થયો કહેવાય.

* જે તિથિ બે સૂર્યોદયને જુએ તેને વૃદ્ધિ તિથિ કહેવાય.

*      જે તિથિ ત્રણવાર ને સ્થર્શ કરે ને ત્રણ સૂર્યોદય જુએ જે તિથિ ડબલ તે તિથિ ફાલ્ગુની, વૃદ્દિ, તિથિ

ત્રણ સૂર્યોદય જુએ.

**નંદાદિ તિથિઓ :-**

| | | | | |
|---|---|---|---|---|
| નંદા | ભદ્ર | જયા | રિકતા | પૂર્ણા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫/૩૦ |

નંદા તિથિ સૂર્યવાર બન્ને ભેગા થતાં મૃત્યુયોગ થાય.

**તિથિઓ ના નામ : -**

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રતિપદા - પડવો | ૯. | નવમી - નોમ |
| ૨. | દ્દિગતિયા - બીજ | ૧૦. | દશમી - દશમ |
| ૩. | તૃતિયા - ત્રીજ | ૧૧. | એકાદશી - અગિયારસ |
| ૪. | ચતુર્થી - ચોથ | ૧૨. | દ્દબાદ્દશી - બારસ |
| ૫. | પંચમી - પાંચમ | ૧૩. | ત્રયોદશી - તેરસ |
| ૬. | ષષ્ડી - છઠ્ઠ | ૧૪. | ચતુર્દશી - ચૌદશ |
| ૭. | સપ્તમી - સાતમ | ૧૫. | પૂર્ણિમા - પૂનમ |
| ૮. | અષ્ટમી - આઠમ | ૩૦. | અમાવાસ્યા - અમાસ |

તિથિ ઓછામાં ઓછી ૨૦ કલાકની હોઈ શકે ને વધુમાં વધુ ૨૭ કલાકની હોઈ શકે.

(૨) વાર :-

સવારે સૂર્યોદય થાય ત્યાંથી શરુ કરી બીજા સૂર્યોદય સુધીના સમયને વાર કહેવાય છે.

તેનો સમય ૨૪ કલાક નો કુલ સાત (૭) વાર છે.

(૧) સોમવાર (૪) ગુરુવાર (૭) રવિવાર.

(૨) મંગળવાર (૫) શુક્રવાર

(૩) બુધવાર (૬) શનિવાર

**(૩) નક્ષત્ર ઃ:-**

ક્રાંતિવૃત્તના આરંભ સ્થાનથી દરેક ૧૩ અંશ ૨૦ કલા ના વિભાગને નક્ષત્ર કહેવામાં આવે છે.

નક્ષત્ર ચંદ્રની ઓછી વત્તી ગતિ અનુસાર નક્ષત્રો સમય વધ - ઘટ થાય છે.

એક રાશિના ૩૦ં (અંશ) બને છે. અને આકાશનો ૨૭ સરખા વિભાગ થાય છે.જે નક્ષત્ર કહેવાય છે.

તે દરેક ૧૩ં - ૨૦ કલાના બને છે. દરેક અંશના ૬૦ં વિભાગ પાડીને દરેકને કલાનું નામ આપવામાં

આવે છે.અને દરેક કલાના ૬૦ સરખા વિભાગ પાડીને દરેક ને વિકલાનું નામ આપવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૬૦ | વિકલા | = | ૧ કલા |
| ૬૦ | કલા | = | ૧ અંશ |
| ૩૦ | અંશ | = | ૧ રાશિ |
| ૧૨ | રાશિ | = | ૧ રાશિચક્ર |
| ૧૩ | અંશ | = | ૨૦ કલા = ૧ નક્ષત્ર. |

પંચાગમાં શુકલ પક્ષની ૧૫ તિથિ ૧ થી ૧૫, કૃષ્ણ પક્ષની ૧૪ તિથિ તથા અમાવાસ્યા માટે ૩૦નો આંક

દર્શોવાય છે. સૂર્યે - ચંદ્રના ગતિ ભેદે દરેક તિથિ પૂરી થવા માટે ઓછામાં ઓછા આશરે ૨૦ કલાકને

વધારેમાં વધારે ૨૭ કલાક લાગે. ચંદ્રને ૨૭ નક્ષત્રો ભોગવતાં મધ્યમમાન દિવસ ૨૭, સાત કલાક,

૪૭ મિનિટ, ૧૧.૫૧૦ જ સેકન્ડ થાય છે.

આવા બાર ચક્રો ભોગવાય તેને એક ચંદ્ નક્ષત્ર, વર્ષ કહેવાય છે. અને તેની લંબાઈ દિવસ ૩૨૭,

૨૦ કલાક, ૩૮ મિનિટ, ૧૮.૧૨૪૮ સેકન્ડ છે.

(૪) યોગ ઃ-

સૂર્ય અને ચંદ્રના રાશિ, અંશ, કલા, વિકલા,નો સરવાળો કરી જે રાશ્યાદિ આવે તેનો દરેક

૧૩ અંશ, ૨૦ કલા નો વિભાગ યોગ કહેવાય છે. યોગ ૨૭ છે. સૂર્ય-ચંદ્રનો ગતિ ભેદે દરેક યોગ ઓછામાં

ઓછા આશરે ૨૦ કલાક અને વધારેમાં વધારે આશરે ૨૫ કલાકનો બને છે.

૨૭ યોગોને ફરી વળતાં લગભગ ૨૫ થી ૨૬ દિવસ લાગે છે. પંચાગમાં આ દૈનિક યોગો કહેવાય છે.

૧૭ મો વ્યતિપાત યોગ અશુભ છે.

(૫) કરણ ઃ-

એક દિવસમાં બે કરણ હોય છે. આ દૃષ્ટિએ કરણને અડધી તિથિ કહેવાય. સંક્રાંતિનાં શુભાશુભ ફળ જોવામાં પણ કરણ ઉપયોગી છે.

શુભ તિથિ ઃ- ૨, ૩, ૫, ૭, ૧૦, ૧૧

શુકલ પક્ષની ૧૩ તથા વદી પક્ષની એકમ શુભ છે.

શુભ વાર ઃ- સોમ, બુધ, ગુરુ, શુક્ર.

**(૬) અધોમુખ નક્ષત્રો ઃ-**

ભરણી, કૃતિકા, અશ્લેષા, મઘા, પૂ.ફા.,વિશાખા, મૂળ, પૂ.ષાં, આ નક્ષત્રો

ખાતાદિ કાર્યોને સિદ્ધ કરનાર છે. (ખાત મુહૂર્ત )

**(૭) તિર્યગ્ મુખ નક્ષત્રો :-**

અશ્વિની, મૃગશીર્ષ, પુનર્વસુ, હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, જયેષ્ઠા, રેવતી, આ નક્ષત્રોયાત્રાદિ કાર્યોની સિદ્ધિ કરનાર છે.

**(૮) ઉર્ધ્વમુખ  નક્ષત્રો :-**

રોહિણી, આર્દ્રા, મૃગ, ઉ.ફા, ઉ.ષા, પુષ્ય આ નક્ષત્રો ધ્વજ, અભિષેકાદિમાં શુભ છે.

**(૯) શુભ નક્ષત્રો :-**

અશ્વિની, રોહિણી, મુગ, પૂ.વસુ, પુષ્ય, ઉ.ફા, હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, ઉ.ભા, શ્રવણ,ધનિષ્ઠા, શતભિષા, ઉ.ષા, રેવતી, વગેરે દરેક શુભ કાર્યોં માટે.

**(૧૦) વિંછુડો :-**

અનુરાધા નક્ષત્રમાં જ બેસે. વિંછુડો વૃશ્વિકનો ચંદ્રમાં થાય ત્યારે બેઠો કહેવાય.

* ગુરુ કે શુક્રના અસ્તમાં સારુ કામ કદિ ન થાય.

* શુક્રના અસ્તમાં દિક્ષા અપાય.

**(૧૧) વિજય મુહૂર્ત  :-**

તેનું બીજું નામ અભિજીત છે. ( સમય ૪૮ મિનિટ ) સૂર્યોદય થી સૂર્યાસ્ત સુધીના સમયનોઅડધો ભાગ તે વિજય મુહૂર્ત કહેવાય છે.

દા.ત. કલાક ૭ મિનિટ ૨૦ નો સૂર્યોદય છે અને ૫-૨૦ નો સૂર્યાસ્ત છે.

| | |
|---|---|
| ૭-૨૦ સૂર્યોદયમાં | સાંજનાં ૫-૨૦ નો સમય |
| + ૫-૦૦ અડધો દિવસ ઉમેરતાં | ૧૭-૨૦ સૂર્યાસ્ત |

૧૨-૨૦ મધ્યાનનો કલાક સમય થયો - ૦૭-૨૦ સૂર્યાસ્ત
હવે તેમાંથી ૧૦-૦૦ દિવસ દસ કલાક તેનો અડધો ભાગ કરવાથી
૧૨-૨૦ ૧૨-૨૦ કલાક થયા.
- ૦૦-૨૪ + ૦૦-૨૪
૧૧-૫૬ મિનિટ ૧૨-૪૪ મિનિટ

એટલે કે વિજય મુહૂર્ત નો સમય ૧૧-૫૬ થી ૧૨-૪૪ સુધીનો ગણાય છે.

**(૧૨) ગોરજ સમય :-**

ગોરજ = સંધ્યા સમયે ગાયો પાછી ફરતાં તેના પગથી ઉડતી રંજ હવામાં ભળત ધૂળ તે ગોરજ.

આ સૂર્યાસ્ત સમયે થાય. સૂર્યાસ્ત પહેલાની ૨૪ મિનિટ અને સૂર્યાસ્ત પછી ની ૨૪ મિનિટ કુલ ૪૮ મિનિટનો સમય ગોરજ સમય કહેવાય છે.

તે સમયે- કદિ મૈથુન ન સેવાય, ભણાય નહિં, સૂવાય નહિં, બહાર ફરવા ન જવાય...

(૧૩) ઉષાકાળ :-

સૂર્યોદયના સમય પહેલાની ૨૪ મિનિટ અને સૂર્યોદય પછીની ૨૪ મિનિટ એમ કુલ ૪૮ મિનિટનો સમયને ઉષાકાળ કહેવાય છે.

તે સમયે - સૂવા નહિં, ભણાય નહિં, મૈથુન ન સેવાય...

(૧૪) ગ્રહોની અંશાત્મક યુતિ એટલે :-

યુતિમાં બન્ને ગ્રહના અંશ ૧૦° કરતા વધારે હોય તો બન્ને ગ્રહની અસર ઓછી થાય પરંતુ૧૦°ની અંદર હોય તો જે ભાવમાં હોય તે ભાવની શુભ અસર બગાડે છે.

(૧૫) અસ્તના ગ્રહ :-

સૂર્યની સાથે રહેલ બીજા ગ્રહની આજુ બાજુમાં અસ્તના થાય.

(૧૬) પ્રદોશ કાળ :-

પ્રદોશ કાળ કાઢવા માટે પાંચ રાત્રિના ભાગ કરવા.

સૂર્યાસ્ત, ઉષા, મધ્યાન, પ્રદોશકાળ,

* સૂર્યાસ્ત પછીના પહેલાં કાળને પ્રદોશકાળ કહે છે.

* અમાસ ના દિવસે પ્રદોશકાળ હોયતો લક્ષ્મી પૂજન માટે ઉત્તમ છે.

* સૂર્યાસ્ત થી સૂર્ય ઉદય સુધીના સમયમાં પાંચ ભાગ પાડવાના તેમાનો સૌથી પહેલો ભાગ તે પ્રદોશ કાળ..

દા.ત.-

આસો વદી અમાસે
સૂ.અ. ૧૭-૫૯
સૂ.ઉ. ૦૬-૪૮
૧૧-૧૧ દીનમાન
+ ૧૨-૪૯ રાત્રિમાન
૨૪-૦૦

પ્રદોષ વારનો હોય છે. તેમજ પ્રદોષ તેરસ (૧૩) નો હોય છે. સુદ કે વદ ગમે તે હોઈ શકેછે.

* પ્રદોષ એટલે સારો યોગ નહિં તો

* એકમને સાંજના સૂર્યાસ્ત વખતે બીજ હોય તો તે દિવસે બીજના ચાંદના દર્શન એકમે થાય.

* સુદી ચોથ (૪) નું ચંદ્ દર્શન કદી ન કરવું..

(૧૭) યોગિની ઃ- પ્રયાણ સમયે,

જમણી યોગિની સુખદાયક હોય છે.
પીઠ પાછળની યોગિની વાંછિત ફળ આપનાર છે.
ડાબી યોગિની ધન નાશ કરે છે.
સન્મુખ યોગિની મૃત્યુ દાતા છે.

પ્રતિપદા અને નોમે પૂર્વ દિશામાં, ત્રીજ ને અગિયારસે અગ્નિખૂણામાં,

પાંચમને તેરસે દક્ષિણદિશામાં ચોથ અને બારસે, નૈઋત્યમાં, છઠ્ઠ અને ચૌદશે પશ્ચિમમાં, સાતમ અને પૂર્ણિમાએ

વાયવ્યમાં, બીજ અને દશમે ઉત્તરમાં, આઠમને અમાસે ઈશાનમાં, યોગિની વાસ કરે છે.

અન્યો અન્યથી ઉચ્ચનો અને અન્યો અન્યથી નીચનો યોગ થતો હોય તે જોવાનું...

દા.ત. કન્યાનો મંગળ અને મકરનો બુધ હોય તો મંગળ અન્યો અન્યથી ઉચ્ચનો થયો કારણ મંગળ

કન્યા રાશિમાં બેઠો છે અને કન્યા રાશિનો માલિક બુધ. મંગળની ઉચ્ચ રાશિમાં બેઠો કહેવાય.

એટલે મંગળ અન્યોન્યથી ઉચ્ચનો થયો કહેવાય તેવી રીતે અન્યોન્ય થી ની કર્કનો બુધ ને

મીનનો મંગળ અન્યોન્યથી નીચના બન્યા...

**<u>ચોઘડિયા જોવાની રીત ઃ-</u>**

સૂર્યોદય થી સૂર્યાસ્ત ના સમયના આઠ ભાગ કરવા તે દિવસનું ચોઘડિયું તેવી રીતે રાતના ચોઘડિયા સૂર્યાસ્ત થી સૂર્યોદય ના સમયના આઠ ભાગ કરવા લગભગ ૧ાા નું ૧ ચોઘડિયું હોય છે.

દિવસના ચોઘડિયા ઃ-

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| ઉદ્‌બેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |
| ચલ | કાળ | ઉદ્‌બેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્‌બેગ | અમૃત | રોગ |
| અમુત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્‌બેગ |
| કાળ | ઉદ્‌બેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ |
| શુભ | ચલ | કાળ | ઉદ્‌બેગ | અમૃત | રોગ | લાભ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્‌બેગ | અમૃત |
| ઉદ્‌બેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |

રાત્રીના ચોઘડિયા ઃ-

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| શુભ | ચલ | કાળ | ઉદ્‌બેગ | અમૃત | રોગ | લાભ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્‌બેગ |
| ચલ | કાળ | ઉદ્‌બેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્‌બેગ | અમૃત |
| કાળ | ઉદ્‌બેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ |
| લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્‌બેગ | અમૃત | રોગ |
| ઉદ્‌બેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |
| શુભ | ચલ | કાળ | શુભ | અમૃત | રોગ | લાભ |

રાશિના નામ

| | |
|---|---|
| ૧. મેષ | ૭. તુલા |
| ૨. વૃષભ | ૮. વૃશ્ચિક |
| ૩. મિથુન | ૯. ધન |
| ૪. કર્ક | ૧૦. મકર |
| ૫. સિંહ | ૧૧. કુંભ |
| ૬. કન્યા | ૧૨. મીન |

સ્વગૃહી ઃ-

કોઈપણ કુંડળીમાં કોઈપણ ખાનામાં (સ્થાનમાં) મંગળ, ૧-મેષ તથા ૮-વૃશ્ચિક રાશીના હોય તો
સ્વગૃહી કહેવાય.

શુક્ર - (૨) વૃષભ તથા (૭) તુલામાં સ્વગૃહી
બુધ - (૩) મિથુન તથા (૬) કન્યામાં સ્વગૃહી
ચંદ્ર - (૪) કર્ક માં સ્વગૃહી
સૂર્ય - (૫) સિંહમાં સ્વગૃહી
ગુરુ - (૯) ધન અને (૧૨) મીનમાં સ્વગૃહી
શનિ - (૧૦) મકર અને (૧૧) કુંભમાં સ્વગૃહી થાય છે.

દરેક ગ્રહ પોતાની રાશીમાં હોય તો સ્વગૃહી બને છે. તે ગ્રહ તે રાશિનો સ્વામિ અધિપતિ કે માલિક
ગણાય છે.

મારકેશ સ્થાન ઃ- કુંડળીમાં બીજુંને બારમું સ્થાન મારકેશ સ્થાન કહેવાય છે.

ત્રીક સ્થાન ઃ- છ, આઠ ને બારમાં સ્થાન ને ત્રીક સ્થાન કહેવાય છે. ખાડાનાં સ્થાન કહેવાય છે.

કેન્દ્ર સ્થાન ઃ- એક, ચાર, સાત, ને દસમાં સ્થાન ને કેન્દ્ર સ્થાન કહેવાય છે.

ત્રિકોણ સ્થાન ઃ- પાંચમા ને નવમાં સ્થાન ને ત્રિકોણ સ્થાન કહેવાય છે.

પણફર ઃ- બે, પાંચ , આઠ , અગિયારમાં સ્થાન ને પણફર કહેવાય છે.

અપોકીલમ ઃ- ત્રણ, પાંચ, નવ ને બારમાં સ્થાન ને અપોકીલમ કહેવાય છે.

પાપગ્રહો ઃ- સૂર્ય, મંગળ, શનિ, રાહુ ને કેતુ ને પાપગ્રહ કહે છે અથવા અશુભ ગ્રહ ,

શુભગ્રહો ઃ- ચંદ્ર, ગુરુ ને શુક્ર ને શુભગ્રહ કહે છે.

તટસ્થ ગ્રહ ઃ- બુધ તટસ્થ ગ્રહ છે. જેની સાથે હોય તેવું ફળ આપે શુભ સાથે શુભ - અશુભ સાથે અશુભ ફળ આપે છે.

પાછળ કુંડળીમાં કયા ખાનામાં કયું સ્થાન કહેવાય છે. તે બતાવ્યું છે આ દરેક સ્થાનમાં કે ભાવમાં કંઈ બાબત જોવાય છે તે પણ દર્શાવ્યું છે. આ કુંડળીમાં સ્થાનો નિશ્ર્વત છે. દા.ત. પ્રથમ સ્થાનમાં ૪ અંક લખ્યો હોય તે ૪ કર્ક રાશિ એટલે કે, જાતકનું જન્મ લગ્ન કર્ક છે. તેમ સમજવું.

કુંડળીના કોઈપણ સ્થાનમાં (ખાનામાં) સૂર્ય (૧) મેષ માં હોય તો ઉચ્ચનો સૂર્ય છે તેમ કહેવાય. જો સૂર્ય (૭)માં
તુલામાં હોય તો નીચનો સૂર્ય છે તેમ કહેવાય.

ચંદ્ર (૨) વૃષભ રાશિમાં હોય તો ઉચ્ચનો છે તેમ કહેવાય અને જો (૮) વૃશ્ચિક રાશિમાં હોય તો નીચનો છ
તેમ કહેવાય.

મંગળ (૧૦) મકર નો હોય તો ઉચ્ચનો અને (૪) કર્કમાં હોય તો નીચનો કહેવાય.

બુધ (૬) કન્યા માં હોય તો ઉચ્ચનો અને (૧૨) મીનમાં નીચનો કહેવાય.

ગુરુ (૪) કર્કમાં હોય તો ઉચ્ચનો અને (૧૦) મકરમાં નીચનો થાય.

શુક્ર (૧૦) મીનમાં હોય તો ઉચ્ચનો અને (૬) કન્યામાં નીચનો થાય.

શનિ (૭) તુલામાં ઉચ્ચનો અને મેષમાં (૧) નીચનો થાય છે.

<u>**લગ્ન કાઢવાની રીત ઃ-**</u>

જે જાતકનું જન્મ લગ્ન કાઢવું હોય તો જાતકનો જન્મ સમય, જન્મ સ્થળ, જન્મ તારીખ જોઈએ.

જન્મકુંડળીના ૧ થી ૧૨ ભાવોમાં  જોવાના વિવિધ પાંસા ઓ...

(૧) જન્મ લગ્ન - મેષ લગ્ન - મેંષ રાશિ પ્રથમ સ્થાન ઉપચય - જાતકના જન્મ સમયના સંજોગો, દેહ, આત્મબળ, સ્વાસ્થ્ય, રૂપ, ગુણ, સ્વભાવ, પ્રકૃતિ, શારીરિક બંધારણ, પૂર્વેકર્મ, મન, આત્મા, મસ્તિક, દેહભાવ, કેન્દ્ર ત્રિકોણ.

(૨) જન્મ લગ્ન - વૃષભ લગ્ન પણફર - વૃષભ રાશિ દ્વિતિય સ્થાન - કુંટુબ, આશ્રિત મિત્રો, ધન, બંધન, મોહ કુળ, જમણી આંખ, મુખ, અન્ન, ખાન-પાન, મારક

(૩) જન્મ લગ્ન - કર્ક લગ્ન અપોકિલમ - ભાઈ, સહજ, બહેન, પુરુષાર્થ, સાહસ, શકિત, ધૈર્ય,

હિંમ્મત, અભિમાન, સગા પડોશી, નોકર, ખભો, ગળુ, જમણો કાન..

(૪) જન્મ લગ્ન - કર્ક લગ્ન - કર્ક રાશિ ચતુર્થ સ્થાન ઉપચય - સુખ સ્થાન, કેન્દ્રસ્થાન, ખેતર, ખેતી, બાગ-બગીચો, સ્થાવર મિલકત, જન્મભૂમિમાં રહેવું કે દૂર જવુ..

(૫) જન્મ લગ્ન - સિંહ - પણફર, સંતાન, વિદ્યા, વાણી, બુદ્ધિ, વિચાર, સટ્ટો, જ્ઞાન, સત્યપુરુષો,

પુત્ર કે પુત્રી, ભાગ્યોદય, લોટરી, રમતગમત, શોખ, જુગાર...

(૬) જન્મ લગ્ન - કન્યા - અપોકિલમ, જમણો પગ, રોગ, શત્રુ, પ્રભાવ, ક્રોધ, અસત્ય, દુઃખ, પરિશ્રમ, ઋણ, ઈર્ષ્યા, પેટ, મોસાળ, ભાડુત, આંતરડા, અંડ, કન્યા, શત્રુ, રોગ સ્થાન, ષષ્ઠસ્થાન, ઉપચય,દુઃસ્થાન..

(૭) જન્મ લગ્ન - તુલા - તુલા રાશિ સપ્તમ સ્થાન ઉપચય - તુલા કેન્દ્ર, મારક સ્ત્રી , લગ્ન, વિવાહ,

પતિ - પત્ની, ભોગ, પ્રણય, પ્રેમ, પ્રેયસી, પ્રિયતમ, આવક, ભાગીદારી, કલહ, સ્વાસ્થ્ય, દત્તક પુત્ર,માતામહી, પીતામહ, વિષયવાસના, પેઢું, વ્યભિચાર, ગુદા સ્થાન, કોર્ટ-કજિયા, ખોવાયેલ વસ્તુ, યાત્રા,ન્યાયાલય, શ્વસુર પક્ષ, લગ્ન જીવન...

(૮) જન્મ લગ્ન - વૃશ્ચિક - પણફર, માંદગી, સ્વાર્થ, ચિંતા, વિદેશ, પુરાતત્વ, ઋણ, ચાતુર્ય, ભાઈના શત્રુ, ઝેર, પરાજય, આપઘાત, શસ્ત્ર ક્રિયા, આઠમું સ્થાન - વૃશ્વિક, આયુષ્ય, મૃત્યુ, દુઃસ્થાન, ગુપ્તભાગ,ડાબો પગ, રાજકીય, બુધ્ધિ, સ્વાર્થ, અકલ્પીત ધન લાભ...

(૯) જન્મ લગ્ન - ધન - અપોકિલમ, ન્યાય, ભાગ્ય, ધર્મ, તીર્થ, પરોપકાર, ઈશ્વરીબળ, કાયદો, શુભ કર્મ,જાંઘ, ધાર્મિક ક્રિયાઓ, સફળતા, હાયર માઈન્ડ, ધન, ભાગ્ય, નવમ સ્થાન, ત્રિકોણ...

(૧૦) જન્મ લગ્ન - મકર લગ્ન - ઉપચય, મકર રાશિ મકર દશમ સ્થાન - કેન્દ્ર, રાજય,કર્મ સ્થાન, ઐશ્વર્ય, તીર્થયાત્રા, ઢીંચણ, માનપદ, કીર્તિ, ઉચ્ચ અધિકારી, ડાબી છાતી, પૂર્વ બળ, સફળતા, અહંકાર...

(૧૧) જન્મ લગ્ન - કૃંુભ લગ્ન - પણફર કુંભ રાશિ - લાભ, લોભ, આવક, ધન, મિત્ર, મોટાભાઈ, આશ્રયદાતા, આશા, ઈચ્છા, પગ, ડાબો કાન, એકાદશ સ્થાન, કુંભ,ઉપચય, લાભ સ્થાન..

(૧૨) જન્મ લગ્ન - મીન લગ્ન - મીન રાશિ - દ્ધાદશ સ્થાન, અપોકિલમ, દુઃસ્થાન, વ્યય,

બંધન, ખર્ચ,હાની, વિદેશ, મોક્ષ, નબળાઈ, કંજુસાઈ, બહારના સંબંધો, પગના તળિયા, શયનસુખ, ડાબી આંખ..

જન્મ કુંડલીમાં રોગો કયાં જોવા ઃ-

(૧) રાશિ મેષ - તેનો સ્વામિ મંગળ, અંગ, સંપૂર્ણ શરીર પર કાબુ, માથુ, મસ્તિક, કપાળ, નેત્ર, મુખ,રોગ-ઉન્માદ, તનાવ, અનિદ્રા, હાડકાના રોગો.. (નાભિ)

(૨) રાશિ વૃષભ - તેનો સ્વામિ શુક્ર, અંગ, આંખ, કાન, નાક, ગાલ, હોઠ, દાંત, મુખ, ગળુ, વાણી,શ્વાસનળી, રાગ (નીચે)

(૩) રાશિ મિથુન - તેનો સ્વામિ બુધ, કંઠ, ગ્રીવા, ખભો, હાથ, કોણી, હથેળી, સ્તન, આયુ, રકતવિકાર, શ્વાસ, દમ, ન્યુમોનિયા, ચર્મરોગ, મજ્જા રોગ...

(૪) રાશિ કર્ક - તેનો સ્વામિ ચંદ્ર, અંગ, ફેફસાં, મન, હ્યદય, શ્વાસનળી, રોગ- હ્યદયરોગ, રકતવિકાર..

(૫) રાશિ સિંહ - તેનો સ્વામિ સૂર્ય, અંગ, પેટ, આંતરડા, જીગર, ગુર્દો, નાભિ, ઉદર,
રોગ - વાયુ વિહાર, કબજીયાત, મેદવૃધ્ધિ, ગુર્દોરોગ,આંતરડાના રોગ, ગર્ભ..

(૬) રાશિ કન્યા - તેનો સ્વામિ બુધ, અંગ, નિતંભ, જાંગથી, પંજાની આંગળી સુધી, જીગર, તિલ્લી, આમાશય,
રોગ - અપચો, મંદાગ્નિ, કમર દર્દ, ચર્મરોગ, (રોગને કષ્ટનું ઉદ્ગમ સ્થાન)

(૭) રાશિ તુલા - તેનો સ્વામિ શુક્ર, અંગ, વસ્તિ, મૂત્રાશય, ગર્ભાશયનો ઉપરી

ભાગ,ગુપ્તેન્દ્રિય,

રોગ - પથરી, મૂત્રાશયના રોગ, મધુમેહ, પ્રદર, મૂત્રકૂચ્છ, બહુમૂત્ર, જાતીય રોગ..

(૮) રાશિ વૃશ્ચિક - તેનો સ્વામિ મંગળ, અંગ, ગર્ભાશય, જનનેન્દ્રિય, ગુદા, આયુ, મૃત્યુ, જાંગથી,

પગની આંગળી સુધી,

રોગ - ગુપ્તરોગ, ભગંદર, અર્શ, ઉપદેશ, એઙ્સ, સિફીલીસ, વીર્યવિહાર રોગ...

(૯) રાશિ ધન - તેનો સ્વામિ ગુરુ, અંગ, રાશિ પ્રમાણે તિલ્લી, યકૃત, રકત,

રોગ - અસ્થિભંગ, રકતરોગ,મજ્જા, રાશિ પ્રમાણે...

(૧૦) રાશિ મકર - તેનો સ્વામિ શનિ, અંગ, રાશિ ૪ પ્રમાણે,

રોગ - વાત, શીથ, વીર્ય, રકતચાપ + રાશિ ૪ પ્રમાણે

(૧૧) રાશિ કુંભ - તેનો સ્વામિ શનિ, અંગ, રાશિ ૩ પ્રમાણે

રોગ - જલોદર, માનસિક રોગ,+ રાશિ ૩ પ્રમાણે..

(૧૨) રાશિ મીન - તેનો સ્વામિ ગુરુ , અંગ, રાશિ ૨ પ્રમાણે,

રોગ - ૨ પ્રમાણે,+એલર્જી, ચર્મ, રકત, આમવાત, આંખ, ગ્રંથી, ગંઠિયા, મૃત્યુ, રોગોપર થનાર વ્યય..

**<u>કેવા કાર્યો માટે કયો ગ્રહ સારો :-</u>**

૧. સૂર્ય : - પ્રભાવશાળી કાર્યો માટે.
૨. ચંદ્ર : - શાન્તીના કાર્યો માટે.
૩. મંગળ : - હુન્નર ઉધોગના કાર્યો માટે.

૪. બુધ ઃ- જ્ઞાનોદયના કાર્યો માટે.
૫. ગુરુ ઃ - વકૃત્વના દરેક કાર્યો માટે.
૬. શુક્ર ઃ - વૈભવ, વિલાસ, તથા ભોગ્યના કાર્યો માટે.
૭. શનિ ઃ - સ્થિર કાર્યો માટે.

## <u>જરુરી કોષ્ટક ઃ -</u>

| | |
|---|---|
| ૬૦ પ્રતિપલ = ૧ વિપલ | ૬૦ પ્રતિ વિકલા = ૧ વિકલા |
| ૬૦ વિપલ = ૧ પલ | ૬૦ વિકલા = ૧ કલા |
| ૬૦ પલ = ૧ ધડી અથવા દંડ | ૬૦ કલા = ૧ અંશ |
| ૨૪ મિનિટ = ૧ ધડી | ૩૦ અંશ = ૧ રાશિ |
| ૨ ૧/૨ પલ = ૧ મિનિટ | ૧૨ રાશિ = ૧ ભગણ |
| ૨ ૧/૨ વિપલ = ૧ સેકન્ડ | ૮ ચલ = ૧ અંગુલ |
| ૨ ૧/૨ ધડી = ૧ કલાક | ૨૪ અંગુલ = ૧ હાથ |
| | ૪ હાથ = ૧ દંડ અથવા |

બાંસ ૨૦૦૦ દંડ અથવા બાંસ = ૧ ક્રોસ

પંચાગમાં જે નક્ષત્રો દર્શાવે છે તેના ધડી પળ કલાક-મિનિટ એ તે નક્ષત્રની શરુઆત બતાવે છે.
નક્ષત્ર જયાંથી શરુ થાય ત્યાંથી સમાપ્તિ સુધી કેટલી ધડી હતી તે ધડી કાઢી ચારે ભાગતાં જે ફળ આવે તે એક ભાગ થશે તે એક ભાગ જન્મના પહેલા નક્ષત્રની સમાપ્તી ની ધડીઓમાં જોડવાથી નક્ષત્રનું પહેલું ચરણ આવશે. બે ત્રણ ચાર ભાગ અનુક્રમે જોડતાં બીજુ, ત્રીજુ, ચોથું ચરણ આવશે. જે ચરણમાં જન્મ હોય તે ચરણનાં અક્ષર ઉપર
નામ પાડવું.

**ક્રમ નક્ષત્ર અક્ષર રાશિ ક્રમ નક્ષત્ર અક્ષર રાશિ**

૧ અશ્વિની ચુ,ચે,ચો,લા મેષ ૧૫. સ્વાતિ

રુ,રે,રો,ત તુલા

૨. ભરણી લિ,લૂ,લે,લો મેષ ૧૬. વિશાખા તિ,તૂ,તે,તો

તુલા,વૃશ્વિક

૩. કૃતિકા અ,ઈ,ઉ,એ મેષ,વૃષભ ૧૭. અનુરાધા ન,નિ,નુ,ને

વૃશ્વિક

૪. રોહિણી ઓ,વ,વિ,વુ વૃષભ ૧૮. જ્યેષ્ઠા નો,ય,યો,યુ

વૃશ્વિક

૫. મૃગશીર્ષ વે,વો,ક,કિ વૃષભ,મિથુન ૧૯. મૂલ યે,યો,ભ,ભિ

ધન

૬. આર્દ્રા કુ,ધ,ડ,છ મિથુન ૨૦. પૂ.ષા ભૂ,ધ,ફ,ઢ

ધન

૭. પુનર્વસુ કે,કો,હ,હી મિથુન,કર્ક ૨૧. ઉ.ષા

ભે,ભો,જ,જી ધન,મકર

૮. પુષ્ય હુ,હે,હો,ડા કર્ક ૨૨. અભિજિત

જુ,જે,જો,ખા મકર

૯. અશ્લેષા ડિ,ડુ,ડે,ડો કર્ક ૨૩. શ્રવણ ખિ,ખુ,ખે,ખો

મકર

૧૦. મઘા મ,મિ,મુ,મે સિંહ ૨૪. ધનિષ્ઠાગ,ગિ,ગુ,ગે

મકર,કુંભ

૧૧. પૂ.ફા. મો,ટા,ટિ,ટુ સિંહ ૨૫. શતતારા ગો,સ,સો,સુ

કુંભ

૧૨. ઉ.ફા. ટે,ટો,પ,પો સિંહ,કન્યા ૨૬. પૂ.ભા. સે,સો,દ,દિ

કુંભ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૩. | હસ્ત | પુ,ષ,ણ,ઠ | કન્યા | ૨૭. | ઉ.ભા | દુ,શ,ભુ,થ | મીન |
| ૧૪. | ચિત્રા | પે,પો,ર,રિ | કન્યા, તુલા | ૨૮ | રેવતી | દે,દો,ચ,ચિ | મીન |